BUSINESS મિત્ર

રિલાયન્સમાં દિવાળી પહેલાં દિવાળી

જિઓ પ્લેટફોર્મના શાનદાર આઈપીઓ પછી કર્મચારીઓ માટે ભવ્ય પાર્ટી, આઈપીઓ ભરવા 15 દિવસ વહેલો પગાર અને બોનસની ભેટ

જિઓ પ્લેટફોર્મ્સના શેરબજારમાં ધમાકેદાર પ્રવેશ અને રેકોર્ડબ્રેક સફળતા બાદ રિલાયન્સ જૂથ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. મુકેશ અંબાણીએ નવી મુંબઈ સ્થિત રિલાયન્સ કોર્પોરેટ પાર્ક ખાતે હજારો કર્મચારીઓ અને તેમના પરિવારો માટે એક વિશાળ પાર્ટીનું આયોજન કર્યું હતું. જેમાં સ્ટ્રીટ ફૂડના ફૂડ સ્ટોલ્સ, નૃત્ય પ્રદર્શનો અને ભક્તિસંગીત સાથે સમકાલીન સંગીતની જામ સેશન્સ યોજાયા હતા. અંબાણી પરિવારના યુવા વારસદારોએ આ સમગ્ર આયોજનમાં આગવી ભૂમિકા ભજવી હતી.

વહેલો પગાર અને બોનસ બોનાન્ઝા: કર્મચારીઓને ઓક્ટોબર મહિનાનો પગાર 15 ઓક્ટોબરે જ વહેલો ચૂકવી દેવામાં આવ્યો હતો, જેથી તેઓ આઈપીઓમાં શેર માટે અરજી કરી શકે. આ ઉપરાંત, વાર્ષિક પરફોર્મન્સ બોનસનો 75 ટકા હિસ્સો પણ બુધવારે જ અગાઉથી ચૂકવી દેવામાં આવ્યો છે.

નવી પેઢીની આગેવાની: આકાશ અંબાણી, ઈશા અંબાણી અને અનંત અંબાણીએ કર્મચારીઓ સાથે રહીને આ ખુશી ઉજવી હતી. રોડશો અને લિસ્ટિંગ સેરેમનીના ફોર્મલ બંધગળા અને સૂટ પહેર્યા બાદ, રિલાયન્સ જિઓના ચેરમેન અને જિઓ પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેક્ટર આકાશ અંબાણીએ ઉત્સવ દરમિયાન કેઝ્યુઅલ ટી-શર્ટ પહેરીને કર્મચારીઓને સંબોધિત કર્યા હતા. આ પ્રસંગે તેમના જોડિયા બહેન ઈશા અંબાણી અને નાના ભાઈ અનંત અંબાણી પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરમાં ધાર્મિક આયોજનો અને ભંડારા: જિઓની આ ઐતિહાસિક સફળતા નિમિત્તે પ્રભુનો આભાર માનવા માટે દેશભરના પ્રખ્યાત મંદિરો અને તીર્થક્ષેત્રોમાં વિશેષ પૂજા, શ્રૃંગાર અને મહાપ્રસાદ (ભંડારા)નું આયોજન કરવામાં આવ્યું છે:

વારાણસી: કાશી વિશ્વનાથ અને અન્નપૂર્ણા મંદિરમાં હજારો ભક્તો અને સાધુ-સંન્યાસીઓ માટે મહાભોજનું આયોજન કરવામાં આવ્યું છે.

સેન્સેક્સ-નિફ્ટી તૂટ્યા છતાં રોકાણકારો માલામાલ

સેન્સેક્સ-નિફ્ટીમાં ઘટાડા છતાં રોકાણકારોની તિજોરીમાં રૂ. 12 લાખ કરોડ ઉમેરાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 28: ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની સાથે સેન્સેક્સ મંથલી એક્સપાયરી પુર્વે બજાર અથડાતું રહ્યું હતું. આજે શેરબજારમાં સેન્સેકસ અને નિફ્ટી લાલ નિશાનમાં રહેવા છતાં રોકાણકારોને રૂ. 12 લાખ કરોડની કમાણી થઇ છે.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી સેકટરનું દબાણ જોવા મળ્યું હતું. જેનાથી નિફ્ટી 2 ટકા જેટલું નબળું પડ્યું હતું. આ ઉપરાંત, ઓઇલ એન્ડ ગેસ અને રિયલ્ટી શેરોમાં પણ નરમાઇ જોવા મળી હતી.જ્યારે ફાર્મા અને ઓટો સેકટરે બજારને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, આ ઉપરાંત કન્ઝયુમર ડયુરેબલ્સ અને મીડિયા શેરોમાં સુધારો જોવાયો હતો. આજે નિફ્ટીમાં 81 શેરો બાવનન વીકની ઉંચાઈએ પહોંચ્યા હતા, જ્યારે 222 શેરો બાવન વીકની નીચે સરક્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 352.64 પોઇન્ટ એટલે કે 0.48 ટકા ઘટીને 73246.03 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73525 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72603 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 50.90 પોઇન્ટ એટલે કે 0.22 ટકા ઘટીને 22698.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 22700 પોઇન્ટની સપાટી તોડી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22778 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22497 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 292.50 પોઇન્ટ એટલે કે 0.54 ટકા વધીને 54267.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.28 ટકા, કેક 0.11 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.24 ટકા, સ્ટ્રેઇટસ 0.02 ટકા, હેંગસેંગ 0.11 ટકા, તાઇવાન 2.00 ટકા, કોસ્પી 6.22 ટકા જકાર્તા 0.31 ટકા અને શાંઘાઇ 0.90 ટકા સુધર્યા હતા.

ક્રુડ ફરીથી 115 કુદાવતા ડોલર મજબૂત રહ્યો

ક્રુડ ઓઇલના ભાવમાં થોડીક રાહત બાદ આજે ફરીથી ક્રુડ ઓઇલના ભાવ 115 ડોલર પ્રતિ બેરલને પાર નીકળી જતા ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 10 પૈસા સુધરીને 95.22ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.12ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.80, પાઉન્ડ 126.96, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 66.65, જાપાનીઝ યેન 0.6031, સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા છે.

ફોરેક્સ બજાર	
ડોલર	95.22 રૂ.
યુરો	105.80 રૂ.
પાઉન્ડ	126.96 રૂ.
યેન	0.6065 રૂ.

સેન્સેક્સ	-352.64	73246.03
નિફ્ટી	-50.90	22698.85
બેન્ક નિફ્ટી	292.50	54267.40

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	4.43	8137.00
લાર્સન-ટુબ્રો	3.72	3801.30
ટ્રેન્ટ	3.31	2913.90
એસબીઆઇ લાઇફ	2.06	1666.70
ઇન્ટરગ્લોબ	2.03	4690.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.43	1123.15
રિલાયન્સ ઇન્ડ.	3.19	1158.00
ઓએનજીસી	2.16	224.89
ટેક મહિન્દ્રા	1.92	1776.60
ભારતી એરટેલ	1.55	1948.10

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	3.68	3805.00
ટ્રેન્ટ	2.79	2908.00
એસબીઆઇ	1.23	956.75
એકસીસ બેન્ક	1.14	1220.00
ઇન્ટરગ્લોબ	1.13	4671.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	3.46	1158.50
ઇન્ફોસીસ	3.34	1123.15
ટેક મહિન્દ્રા	1.83	1774.00
ટીસીએસ	1.68	2458.00
ભારતી એરટેલ	1.42	1950.00

રિલાયન્સની કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપ જિઓ ડેબ્યૂ પછી 30.25 લાખ કરોડ પર પહોંચ્યું

નેટફ્લિક્સ, ટોયોટા અને એસએપીને પાછળ છોડ્યા

મુકેશ અંબાણીની આગેવાની હેઠળના રિલાયન્સ જૂથ માટે એક ખૂબ જ મોટી સિદ્ધિ સામે આવી છે. જિઓ પ્લેટફોર્મ્સના શેરબજારમાં શાનદાર પ્રવેશ પછી, રિલાયન્સ સાથે જોડાયેલી 11 લિસ્ટેડ કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપિટલાઇઝેશન અંદાજે 30.25 લાખ કરોડ ($318 અબજ) પર પહોંચી ગયું છે.

આ અદ્ભુત સફળતા સાથે રિલાયન્સ જૂથ વૈશ્વિક દિગ્ગજ કંપનીઓની હરોળમાં આવી ગયું છે. આ કુલ વેલ્યુ અમેરિકન રિટેલ કંપની હોમ ડિપોટની બરાબર છે અને તેણે એસએપી, નેટફ્લિક્સ તથા ટોયોટા જેવી વૈશ્વિક કંપનીઓના સ્ટેન્ડઅલોન માર્કેટ વેલ્યુને પણ વટાવી દીધી છે.

વૈશ્વિક કંપનીઓ સાથે રિલાયન્સની તુલના

નીચે આપેલા ટેબલ દ્વારા સમજો કે રિલાયન્સ જૂથ વિશ્વની અન્ય દિગ્ગજ કંપનીઓની સરખામણીમાં કયા સ્થાને છે:

કંપની / જૂથ	માર્કેટ કેપ (USD)
એનવીડિયા	$5.26 ટ્રિલિયન
એપલ	$5.07 ટ્રિલિયન
તાઇવાન સેમિકન્ડક્ટર	$1.94 ટ્રિલિયન
સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ	$1.15 ટ્રિલિયન
ટેન્સેન્ટ	$442 અબજ
કોકા-કોલા	$392.26 અબજ
પ્રોક્ટર એન્ડ ગેમ્બલ	$369.06 અબજ
રિલાયન્સ જૂથ (11 લિસ્ટેડ કંપનીઓ)	$318 અબજ
હોમ ડિપોટ	$317.76 અબજ
એસએપી	$274.11 અબજ
નેટફ્લિક્સ	$256.73 અબજ
ટોયોટા	$231.41 અબજ

(નોંધ: આ તુલના અલગથી લિસ્ટેડ રિલાયન્સ-સંલગ્ન કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશન પર આધારિત છે અને જૂથની અંદરના ક્રોસ-હોલ્ડિંગ્સ માટે એડજસ્ટ કરતી નથી.)

જિઓનો શાનદાર પ્રવેશ અને કંપનીઓનું યોગદાન

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ: કુલ બજાર મૂલ્યમાં એકલા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ફાળો 15.68 લાખ કરોડ હતો.

જિઓ પ્લેટફોર્મ્સ: તાજેતરમાં લિસ્ટેડ થયેલા જિઓ પ્લેટફોર્મ્સે 13.05 લાખ કરોડનું યોગદાન આપ્યું છે. મુખ્ય હિસ્સો: આ બંને કંપનીઓ મળીને કુલ બજાર મૂલ્યનો લગભગ 95 ટકા હિસ્સો ધરાવે છે.

અન્ય કંપનીઓ: બાકીની 9 કંપનીઓ (જેમાં જિઓ ફાઇનાન્શિયલ સર્વિસીઝ, નેટવર્ક 18 મીડિયા એન્ડ ઇન્વેસ્ટમેન્ટ્સ, જસ્ટ ડાયલ, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રિન્યુએબલ એનર્જી, હેથવે કેબલ એન્ડ ડેટાકોમ, ડીઇઓ નેટવર્ક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જીટીપીએલ હેથવે અને ઇન્ફોમીડિયા પ્રેસ સામેલ છે)નું કુલ યોગદાન આશરે 1.52 લાખ કરોડ હતું.

બિટકોઈનમાં ઉછાળો, કિંમત 81,093 ડોલરે પહોંચી

ક્રૂડમાં નરમાઈ અને કંપનીઓના મજબૂત પરિણામોથી ટેકો મળ્યો

મુંબઈ, તા. 28: 28 ઓક્ટોબરે બિટકોઈન 1.63 ટકા વધીને $81,093ના સ્તરે પહોંચ્યો હતો. આ વૃદ્ધિમાં ક્રૂડના ભાવ અને અને અમેરિકી કોર્પોરેટ કંપનીઓના મજબૂત કમાણીએ ટેકો આપ્યો હતો. આંકડાઓ મદદરૂપ રહ્યા. કિંમતોમાં સુધાર રોકાણકારોમાં જોખમ લેવાની ઈચ્છા પરત આવી હોવાનું દર્શાવે છે.

કિંમતોમાં વધારો થઈ રહ્યો હોવા છતાં, ડેટા સૂચવે છે કે આ વધારો મુખ્યત્વે સંસ્થાકીય રોકાણકારો (institutional investors) દ્વારા સંચાલિત નથી. સ્પૉટ બિટકોઈન ETFમાં થતો ચોખ્ખો પ્રવાહ (net flows) પ્રમાણમાં સ્થિર રહ્યો છે, ખાસ કરીને તાજેતરના સપ્તાહના અંતના સત્ર દરમિયાન. આ બાબત સૂચવે છે કે કિંમતોમાં જોવા મળતો આ વર્તમાન ફેરફાર મુખ્યત્વે સ્પૉટ માર્કેટમાં સીધી ખરીદી અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ટ્રેડરો દ્વારા પોતાની પોઝિશન્સમાં કરવામાં આવેલા ફેરફારોનું પરિણામ છે; તેમાં સંસ્થાકીય મૂડીનો કોઈ મોટો નવો પ્રવાહ સામેલ નથી.

રોકાણકારો માટે, હાલમાં મુખ્ય ધ્યાન ફેડરલ રિઝર્વની આગામી નીતિ વિષયક બેઠક પર છે.

દેશમાં મોબાઈલ વપરાશકર્તાઓનો આંકડો 136 કરોડે પહોંચ્યો

દિલ્હી 375 ટકા ટેલિ ડેન્સિટી સાથે દેશમાં ટોચ પર, જ્યારે બિહાર 64.49 ટકા સાથે સૌથી નીચે

નવી દિલ્હી, તા. 28: સપ્ટેમ્બરના અંત સુધીમાં દેશમાં મોબાઈલ ફોન વપરાશકર્તાઓની કુલ સંખ્યા 136 કરોડ થઇ ગઇ હોવાનું ટ્રાઇના ડેટામાં જાહેર થયું છે. જે ઓગસ્ટની સરખામણીએ 0.53 ટકાનો વધારો દર્શાવે છે. ભારતની એકંદર ટેલિ ડેન્સિટી પણ 95.07 ટકાથી સુધરીને 95.52 ટકા થઈ છે. ટેલિ ડેન્સિટીની દ્રષ્ટિએ દિલ્હી ટોચ પર છે. શહેરો અને ગામડાઓ વચ્ચે ટેલિ ડેન્સિટીમાં મોટો તફાવત છે, જેમાં દિલ્હી સૌથી આગળ છે. હકીકતમાં, દેશના કુલ ટેલિફોન સબસ્ક્રાઈબર્સમાં શહેરી હિસ્સો 59.05 ટકા છે જ્યારે ગ્રામીણ હિસ્સો 40.95 ટકા છે. જેના મુખ્ય કારણમાં શહેરોમાં એક વ્યક્તિ પાસે એકથી વધુ સીમ કાર્ડ છે. પરિણામે ટેલિ ડેન્સિટી 155.85 ટકા હતી. જ્યારે ગામડાઓમાં આ આંકડો 61.30 ટકા હતો. રાજ્ય સ્તરે દિલ્હીમાં 375.65 ટકા ટેલિ ડેન્સિટી સાથે યાદીમાં ટોચ પર છે, જ્યારે બિહાર 64.49 ટકા સાથે સૌથી નીચા ક્રમે છે.

જિઓ પ્લેટફોર્મ્સ વિશ્વની છઠ્ઠી અને એશિયાની બીજી સૌથી મૂલ્યવાન ટેલિકોમ કંપની બની

૨૮ ઓક્ટોબરના રોજ શેરબજારમાં અદ્ભુત પ્રવેશ (માર્કેટ ડેબ્યૂ) કર્યા પછી, જિઓ પ્લેટફોર્મ્સનું બજાર મૂલ્ય (માર્કેટ કેપ) અંદાજે $131 અબજ (12.5 લાખ કરોડ) પર પહોંચી ગયું છે.

ક્રમ	કંપનીનું નામ	દેશ	માર્કેટ કેપ (USD)
1	ચાઇના મોબાઇલ	ચીન	$221 અબજ
2	વેરાઇઝન	અમેરિકા	$182 અબજ
3	ટી-મોબાઇલ	અમેરિકા	$157 અબજ
4	એટી એન્ડ ટી	અમેરિકા	$141 અબજ
5	ડ્યુશ ટેલિકોમ	જર્મની	$135 અબજ
6	જિઓ પ્લેટફોર્મ્સ	ભારત	$131 અબજ
7	ભારતી એરટેલ	ભારત	$130 અબજ
8	એનટીટી	જાપાન	$98 અબજ
9	ચાઇના ટેલિકોમ	ચીન	$89 અબજ
10	કેડીડીઆઇ	જાપાન	$72 અબજ

આ સિદ્ધિ સાથે તે વિશ્વની છઠ્ઠી સૌથી મૂલ્યવાન લિસ્ટેડ ટેલિકોમ કંપની અને ચાઇના મોબાઇલ પછી એશિયાની બીજી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે. વિશ્વની ટોચની 10 ટેલિકોમ કંપનીઓ (માર્કેટ કેપ)

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૭૨૦૦
તેજાબી સોનું	૧૪૭૧૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૯૮૪૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૪૨૫૦
સોનાનાં બિસ્કીટ	૧૪૭૨૦૦૦
ચાંદી (૯૯૯)	૧૯૯૬૦૦
ચાંદી સિક્કા	૨૦૧૧૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૭૦૦
એમ-30	૫૬૦૦
એસ-30	૫૫૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ”	૧૫૪	-----	---
30/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ”	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
30/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	30/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
30/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	30/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ”	૧૭૦	30/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બરોળ, યકૃત અને પપૈયું

મોટું કાચુ પપૈયું લઇ, આડું રાખી તેની ડાગળી કાળજીથી કાઢો. આ ખુલ્લી બારીમાં થઇ બસો ગ્રામ સિંધવ મીઠુ ભરો. ડાગળી ફરી બંધ કરી, પપૈયા ફરતે કપડ માટીના પડ ચઢાવી ઉપર છાણનું પડ ચઢાવવું. તડકે સૂકવી લો. બે બાય બે ફીટનો ખાડો કરી તેમા આ પપૈયુ એક પથ્થર પર રાખી આસપાસ છાણા અને ઘાસ ખોસી દઈ સળગાવી દો. ડાળ, ડાંખળા ઉમેર્યા કરવા. આખી રાત સ્વાંગ શીતલ થવા દઈ, ફરતેનાં પડ કાઢી, ચૂર્ણ કરી ભરી રાખો. સવાર, સાંજ ચાર ચમચી ચૂર્ણ પાણી સાથે 21 દિવસ લેવું. જરૂર ફાયદો થશે.

શબ્દગુંફન - ૭૨૮૨

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. લક્ષ્મીપતિ શ્રી વિષ્ણુ (૩)
૩. ગુસ્સો, રોષ (૨)
૫. ધર્મને લગતું (૩)
૭. નમેલું (૨)
૯. વહાણનો દોરનાર (૩)
૧૦. ઝાડ (૨)
૧૨. લોચન, આંખ (૩)
૧૩. નગારું (૨)
૧૪. ભપકો, તેજ (૩)
૧૫. કેળવણી, શિક્ષણ (૩)
૧૮. જંગલ (૨)
૧૯. ધૂન, ટેવ, ગર્વ (૨)
૨૦. અનાજ, ધાન્ય (૨)
૨૧. દુકાન, ગુજરી, બજાર (૨)
૨૨. શૂરવીર, ધીંગું (૪)
૨૪. રિવાજ, પ્રથા (૩)
૨૬. જમીન, ભોમકા (૨)
૨૮. ઘાટ, મોકો, તજવીજ (૨)
૨૯. ભારતનું કે તેને લગતું (૪)
૩૧. અસાધારણ, વિચિત્ર (૪)
૩૩. તજી દીધેલું, વગરનું (૨)
૩૪. રેશમ (૨)
૩૫. ભૂમિ, જમીન (૩)

ઊભી ચાવી
૧. પૈસાદાર (૩)
૨. શરીર, દેહ (૨)
૪. એક સમાન (૪)
૫. ભારે તૈયારી (૪)
૬. પરહેજી, હાથી (૨)
૮. જુસ્સો, અધીરાઇ (૫)
૧૧. રડવું તે, રોણું (૩)
૧૬. એક ઝાડ (૩)
૧૭. ન બોલવું તે (૨)
૧૮. મદદ, સહાય (૩)
૨૦. રહેવાનું સ્થળ (૨)
૨૧. હિંમત (૨)
૨૨. અમૃત (૨)
૨૩. તાકાત (૩)
૨૫. પાણી (૩)
૨૬. વીતી ચૂકેલું (૨)
૨૯. હોંશ, શુદ્ધિ (૨)
30. જમીન ખોદવાનું ઓજાર (૩)
૩૧. ઝેર, વિષ (૨)
૩૨. એક રોગ (૨)
૩૩. તેજ, દૈવત (૨)

આજનું પંચાંગ

તા. 29/10/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: ચોથ: 22:11, સંકષ્ટ ચતુર્થી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક:-07 **યોગ :** પરિઘ
કરણ: બવ **નક્ષત્ર :** રોહિણી: 11:12 પછી મૃગશીર્ષ
રાશિ: વૃષભ (બ,વ,ઉ) 22:08 પછી મિથુન (ક,છ,ઘ)
દિવસ : અશુભ- કરક ચતુર્થી-કરવાચોથ- દાશરથી ચતુર્થી
સુરતમાં સૂર્યોદય : 06:41 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:04
નવકારસી : 07:29
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 16 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 17મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વડીલોના માર્ગદર્શન પ્રમાણે રોકાણથી લાભ થાય. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં સંતુલન રાખવું.

વૃષભ (બ,વ,ઉ,): શારીરિક અને માનસિક થાક અને આળસના કારણે કામમાં વિલંબ થાય. આરોગ્ય સામાન્ય રહેશે.

મિથુન (ક,છ,ઘ,): વિવાદ ટાળવો. ખર્ચા વધશે. દેવ દર્શન થાય. ખાવાપીવામાં સાવધાન રહેવુ. સમાજમાં માન મળે.

કર્ક (ડ,હ,): રચનાત્મક વિચારો અને કામની લગનના કારણે નવી તક મળે. વિદેશના કામમાં મિત્રોનો સાથ મળશે.

સિંહ (મ,ટ,): ધંધામાં નવા ફેરફાર થાય. નોકરીમાં જવાબદારી વધે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ,): બૌદ્ધિક કાર્ય પાર પડે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. કાયદા બાબતે મદદ મળે.

તુલા (ર,ત,): માનસિક મજબુતીથી હરીફોની હાર થાય અને નવા કામમાં તક મળે. સરકારી કામમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન,ય,): બચતની યોજના બને. પરિવારમાં ધાર્મિક વાતાવરણ રહે. નોકરીમાં પ્રભાવ વધે. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): હિત શત્રુઓથી સાવધાન, વિજાતિય મિત્રો સાથે ગેરસમજ થાય. ધંધામાં તક મળે. નોકરીમાં જવાબદારી.

મકર (ખ,જ,): રોજની આવક વધે. મોજ-શોખનાં ધંધામાં આવક વધે. વિદ્યાર્થીઓને નવી તક મળે. મિત્રોનો સાથ.

કુંભ (ગ,સ,શ,ષ,): નવા ફેરફારથી આવકની તક મળે. ઘરમાં શુભ પ્રસંગનો ઉત્સવ મનાવાય. પ્રવાસ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): વિદેશ પ્રવાસ, શિક્ષણ, ટ્યુશન દલાલી, તેમજ સરકારી યોજનાને લગતાં કામમાં મદદ મળે.

કોઈ પણ સાલમાં 29 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. નવી તકો ટેકનોલોજીનું જ્ઞાન, ટીમવર્કથી નવુ શિખવા અને નોકરીમાં નવા ફેરફારના અનુભવ કરાવનાર રહેશે. સમાજમાં માન વધે. સંતાનોના કેરીયર અભ્યાસમાં પ્રગતિ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. ધંધા-વ્યવસાયમાં હરીફો સતાવે. પરિવારની અપેક્ષા દોડધામ વધારે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી રાહત થાય. સ્ત્રી વર્ગને નોકરીમાં પ્રગતિ અને પારિવારિક સમસ્યાનો સામનો કરવો પડશે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશનાં કામમાં મદદ મળે. પ્રેમ વિવાહની યોજના પાર પડે. વારસા, જાયદાદ, જમીનના કામમાં મદદ મળે. મિત્રો-વડીલોની મદદથી રાહત થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇમાં સોમ-ગુરુવારે 02, 11, 20, 29 તારીખે નવા કામ કરવો. સફેદ, ક્રિમ કલરનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં, મંગળ- બુધવારે 05, 08 તારીખે નવા કામ ટાળવો. લીલા, કાળા, નીલા રંગના ઉપયોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.

સુડોકુ ૬૬૬૬ 'ક્રુડ'

				૫	૩		૮	૯
૬			૯		૭		૨	
૯					૬		૭	
૪	૮		૭					
	૨	૭		૩				
૧	૯		૮		૫		૬	૭
૩	૪	૧	૫			૮	૯	
૨		૯		૬	૮		૩	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

बैंक ऑफ़ बड़ौदा / Bank of Baroda

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

રીજ્યોનલ ઓફિસ : [illegible], ભરૂચ, ગુજરાત, ફોન : [illegible]

પરિશિષ્ટ -૪ (એ) (રૂલ ૬(૨) અને રૂલ ૮(૬) મુજબ નોટીસ

સિક્યુરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાવર મિલકત માટે રૂલ ૮(૬) અને સ્થાવર મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા સ્થાવર મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

[illegible]

ઈ-હરાજી તા.૧૩.૧૧.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦ નિરીક્ષણ તા. ૩૦.૧૦.૨૦૨૬ થી ૦૫.૧૧.૨૦૨૬ સમય : સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦

[illegible]

ઈ-હરાજી તા.૧૬.૧૧.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦ નિરીક્ષણ તા. ૩૦.૧૦.૨૦૨૬ થી ૦૮.૧૧.૨૦૨૬ સમય : સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦

[illegible]

સરફેસી કાયદા હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને ૧૫ દિવસની કાનુની વેચાણ નોટીસ

[illegible] https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com [illegible]

તા.૨૯.૧૦.૨૦૨૬ | સ્થળ : ભરૂચ | અધિકૃત અધિકારી, બૅંક ઑફ બરોડા